**તાપમાન**

| | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| નવસારી | ૩૧.૦° સે. | ૧૬.૦° સે. |
| આહવા | ૩૪.૦° સે. | ૧૫.૦° સે. |
| વલસાડ | ૨૯.૦° સે. | ૧૬.૦° સે. |
| વાપી | ૨૯.૦° સે. | ૧૬.૦° સે. |

## દેશને સ્વતંત્રતા મળ્યા બાદ પ્રથમવાર કોઈ રાષ્ટ્રપતિ ધરમપુર પધારશે

**શ્રીમદ્** રાજચંદ્ર મિશન ખાતે અનેકવિધ કાર્યક્રમો સાથે આદિવાસી સમુદાયના પ્રતિનિધિઓ સાથે રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુ બેઠક કરશે

વલસાડ, ધરમપુર : દેશના રાષ્ટ્રપતિ વલસાડ જિલ્લાના ધરમપુર સ્થિત શ્રીમદ્ રાજચંદ્ર મિશન ખાતે 13 ફેબ્રુઆરી મંગળવારે આવી રહ્યા છે. દેશને સ્વતંત્રતા મળ્યા બાદ પ્રથમવાર કોઈ રાષ્ટ્રપતિ ધરમપુર તાલુકામાં આવી રહ્યા હોઈ તાલુકાભરમાં ખુશીનો માહોલ સર્જાયો છે.

સૂત્રોના જણાવ્યા મુજબ શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુરના સંસ્થાપક ગુરુદેવ રાકેશજીના આમંત્રણને માન આપી રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુ 13 ફેબ્રુઆરી મંગળવારના રોજ ધરમપુર ખાતે આવી રહ્યા હોઈ માત્ર રાજચંદ્ર મિશન જ નહી, પરંતુ સમગ્ર તાલુકાભરમાં ખુશીનો માહોલ સર્જાયો છે.

રાષ્ટ્રપતિ રાજચંદ્ર મિશન ખાતે સ્થાપિત રાજ દરબાર કે જ્યાં 34 ફૂટની શ્રીમદ્ રાજચંદ્રજીની વિશ્વની સૌથી મોટી પ્રતિમાના દર્શન અને પ્રક્ષાલ કરી 108 સ્તંભના જીનમંદિરમાં દર્શન કરશે. ત્યારબાદ સત્સંગ અને ધ્યાન સંકુલ રાજસભા ગૃહમાં તેમના સન્માન અર્થે એક કાર્યક્રમનું આયોજન કરાયું છે. ઉપરાંત સ્થાનિક આદિવાસી સમુદાયના પ્રતિનિધિઓ સાથે પણ બેઠક કરશે.

## બલીઠા ફાટક પાસે વાહનોની રોજ લાગતી લાંબી કતાર

**એક** તરફની ફાટક ખૂલે ત્યારે બંને તરફના વાહનો ચાલકો રોંગ સાઇડમાં આવી જતા હોવાથી સમસ્યા



વાપીઃ વાપી બલીઠા ફાટક પાસે ઓવરબ્રિજની કામગીરી ચાલી રહી છે. અહીં એક તરફની ફાટક બંધ રાખવામાં આવી છે જ્યારે બીજી તરફની ફાટક ખુલ્લી રાખવામાં આવી છે અને બંને તરફથી આવનારા નાના-મોટા વાહનોની અવરજવર થઈ શકે છે.

જો કે, ટ્રેનના સમયે ફાટક બંધ રહે છે ત્યારે બંને તરફના માર્ગો ઉપરથી અવર-જવર કરનારા નાના-મોટા વાહનો લાઈનમાં ઉભા રહેતા નથી અને જલદી નીકળવાની લ્હાયમાં ફાટક આગળ અથવા તો માર્ગની રોંગ સાઈડ ઉપર આવી ઉભા રહેતા હોય છે. ફાટક ખોલવામાં આવે છે ત્યારે બંને તરફના વાહનો જલદીથી પસાર થઈ શકતા નથી અને ટ્રાફિક સમસ્યા વધારી દેતા હોય છે.

એ જ રીતે વાપી નૂતન નગર પાસે પણ રેલવે ફાટકની એક લાઈન ચાલી રહી છે અને અહીં પણ આ જ પ્રકારે વાહનોચાલકોની આડોડાઈને કારણે ટ્રાફિક સમસ્યા વકરી રહી છે. નોંધનીય છે કે, બંને ફાટક પાસે ટ્રાફિક પોલીસ ટીમ તૈનાત રહેતી હોવા છતાં ટ્રાફિક નિયંત્રણમાં તેઓને પણ પરસેવો પડી રહ્યો છે. અત્રે નોંધનીય છે કે, વાપી બલીઠા ફાટક પાસે તો ભારે વાહનોની લાંબી કતારો લાગી જાય છે અને કેટલાક વાહનચાલકો તો રોંગ સાઈડથી પણ હંકારી લાવે છે અને જ્યારે ફાટક ખૂલે ત્યારે સામેથી આવનારા અન્ય વાહનચાલકોને ભારે તકલીફ પડે છે અને રોંગ સાઈડથી આવનાર વાહનચાલકને જ્યારે જગ્યા મળે છે ત્યારે તે સાઈડ પર લે છે ત્યાં સુધી સામેથી આવનાર વાહનો ઉભા રહેતા ટ્રાફિક થઈ જાય છે.

બલીઠા ફાટક પાસે ટ્રાફિક નિયંત્રણ કરવા માટે ટ્રાફિક પોલીસની ટીમ વધુ રાખવામાં આવે અને રોંગ સાઈડથી દોડી આવનારા વાહનચાલકોને અટકાવવામાં આવે તેવી માગ સૌ કોઈ કરી રહ્યા છે.

## સંક્ષિપ્ત સમાચાર

### નવસારીમાં લઘુત્તમ તાપમાનનો પારો ગગડીને 12.5 ડિગ્રી નોંધાતા ઠંડીમાં વધારો

નવસારી : નવસારીમાં લઘુત્તમ તાપમાન ગગડીને 12.5 ડિગ્રી નોંધાતા ઠંડીમાં થોડો વધારો થયો હતો. નવસારીમાં ઉત્તરાયણ પહેલા ઠંડી વર્તાઈ ન હતી. જોકે ઉત્તરાયણ બાદ અચાનક ઠંડીનો પારો ગગડીને 8 ડિગ્રી સુધી પહોંચ્યો હતો. જોકે તે દિવસે નવસારીમાં કાતિલ ઠંડી પડી હતી. પરંતુ ત્યારબાદ ઠંડીનો વધ-ઘટ થઇ રહ્યો હતો. આજે ઠંડીનો પારો અડધો ડિગ્રી વધ્યો હતો. આજે રવિવારે ઠંડીનો પારો અડધો ડિગ્રી વધીને 12.5 ડિગ્રી નોંધાયું હતું. જ્યારે મહત્તમ તાપમાન 1 ડિગ્રી વધતા 31 ડિગ્રી નોંધાયું હતું. આજે સવારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ 73 ટકા હતું. જે બપોરબાદ ઘટીને 36 ટકા રહ્યું હતું. જ્યારે દિવસ દરમિયાન 2.2 કિ.મી. ઝડપે પવનો ફૂંકાયા હતા.

### ચીખલીના સાદકપોરમાં સૂકા ઘાસમાં આગ લાગતા વૃક્ષો બળી ગયા



ધર્મેશ પટેલ

ઘેજ : ચીખલી નજીકના સાદકપોરના ગોલવાડ પહાડમાં બપોરના સમયે અચાનક આગ ભભુકી ઉઠી હતી. સૂકા ઘાસના કારણે આગ ખૂબ ઝડપથી પ્રસરતા કેટલાક વૃક્ષો આગમાં બળીને ખાક થઇ ગયા હતા. ચીખલીના સાદકપોરના ગોલવાડ પહાડમાં અચાનક આગ ભભુકી ઉઠતા દોડધામ મચી હતી. આગ લાગ્યાની જાણ સરપંચ સંજયભાઈએ કરતા તાલુકા પંચાયતના ફાયર ફાઇટરના જવાનોએ આવી પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લીધી હતી. આગ લાગવાનું ચોક્કસ કારણ જાણી શકાયું ન હતું. પરંતુ સૂકા ઘાસના કારણે આગ ખૂબ ઝડપથી પ્રસરતા કેટલાક વૃક્ષો આગમાં બળીને ખાક થઇ ગયા હતા.

### ઘેજના આદિવાસી ખેડૂતને ક્રિકેટ રમવા મુદ્દે જાતિ વિષયક અપમાનિત કરાતા એટ્રોસિટીનો ગુનો

ખેરગામ : ચીખલી તાલુકાના ઘેજ ગામના ક્રિકેટ મેદાન પર ક્રિકેટ ટુર્નામેન્ટ બાબતે મન દુઃખ રાખીને જાતિ પ્રત્યે અપમાનિત કરી મારી નાંખવાની ધમકી આપતા પોલીસ મથકે ફરિયાદ નોંધાઇ હતી. ખેરગામ પોલીસ મથકના હદ વિસ્તારમાં આવતા અને ચીખલી તાલુકાના ઘેજ ગામના વાંઝરી ફળીયા સાંઢપાડા ખાતે આવેલી ગૌચરની તથા સામુહિક બાગ બગીચાની જમીનમાં આવેલા ક્રિકેટ મેદાનમાં ઘેજ ખુશાલ ફળીયાના યુવાનોએ ઘેજ ટ્રાયબલ ક્રિકેટ ટુર્નામેન્ટનુ આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત ફરિયાદી રાકેશભાઈના કાકાભાઇ અંકિતભાઇ ઉર્ફે આશિષ પ્રવિણભાઇ પટેલે પોતાના મોબાઈલમાં વોટ્સએપ ઉપર ઘેજ ટ્રાયબલ ક્રિકેટ ટુર્નામેન્ટ બાબતે સ્ટેટસ મૂક્યું હતું. જે સ્ટેટસ જોઇને ક્રિકેટ રમવા બાબતનુ મન દુઃખ રાખીને રાકેશ નટુભાઈ પટેલે ફોન કરીને ફરિયાદી રાકેશ શાંતિલાલ પટેલને ગાળો આપી જાતિ વિષયક અપમાનિત કરી જાનથી મારી નાંખવાની ધાક ધમકીઓ આપી હતી. જેને પગલે રાકેશ પટેલે ખેરગામ પોલીસ મથકે ફરિયાદ આપતા પોલીસે રાકેશ નટુભાઈ પટેલ વિરુદ્ધ એટ્રોસિટી મુજબ ગુનો દાખલ કરી આગળની વધુ તપાસ જિલ્લા નાયબ પોલીસ વડા એસ.કે રાઈએ હાથ ધરી હતી.

### વલસાડ જિલ્લા આચાર્ય સંઘના હોદ્દેદારોની વરણી





વલસાડ : અબ્રામાની સાર્વજનિક હાઇસ્કુલમાં વલસાડ જિલ્લા આચાર્ય સંઘની કારોબારી સભા મળી હતી. જેમાં સંઘના નવા હોદ્દેદારોની નિમણૂંક કરાઈ હતી. વર્ષ ૨૦૨૪-૨૫ માટે સંઘના પ્રમુખ પદે દિનેશભાઇ યુ.પટેલ અને મહામંત્રી પદે સુનિલકુમાર યુ.પટેલની વરણી કરાઇ છે. વધુમાં આગામી વર્ષ ૨૦૨૫-૨૬ માટે પ્રમુખપદે સુનિલકુમાર યુ.પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. આમ કોઈપણ વિરોધ વિવાદ વગર આચાર્ય સંઘે હોદ્દેદારોની વરણી કરી શૈક્ષણિક સમાજમાં એકતાનું એક સુંદર ઉદાહરણ પૂરું પાડ્યું હતું. નવીન વિચારો અને કાર્યો થકી શિક્ષણ જગતના ઘણા પ્રશ્નો હલ થાય એવી આશા અને અપેક્ષા શિક્ષણ જગત તેમની પાસે રાખી રહ્યું છે. ઉપરાંત પંકજસિંહ સી.પરમાર આચાર્ય એન.એમ.તાતા વાડીયા,હાઇસ્કુલ, નારગોલને અન્વેષક ગુજરાત રાજ્ય આચાર્યસંઘ તરીકે તથા દિનેશભાઇ યુ. પટેલ પ્રમુખ વ.જિ.આચાર્ય સંઘ દક્ષિણ ઝોન સારસ્વત મંત્રી ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ તરીકે બિનહરિફ વરણી થવા બદલ અભિનંદન તથા શુભેચ્છાઓ પાઠવી છે. આમ પ્રથમવાર વલસાડ જિલ્લાને રાજ્ય આચાર્ય સંઘમાં બે મહત્વનાં હોદ્દાઓ મળવા બદલ સમગ્ર શૈક્ષણિક જગત ગૌરવ અને આનંદની લાગણી અનુભવે છે.

### બીલીમોરામાં મૂકબધિર પરીચય પસંદગી મેળો યોજાયો



કેરસી બારીયા

બીલીમોરા : બીલીમોરાના ગાયત્રી માતા મંદિર હોલમાં રવિવારે મુકબધિર માનવ મિત્ર સેવા ટ્રસ્ટ આયોજિત ૩૦'મો મુકબધિર જીવનસાથી પરિચય પસંદગી મેળો યોજાયો હતો. જેમાં રાજ્યભરમાંથી ૧૮ યુવાન, ૮ યુવતીઓએ પોતાની સાંકેતિક ભાષામાં પરિચય સાથે જીવનસાથી અંગે દાવેદારી રજૂ કરી હતી. આ મૂકબધિર જીવનસાથી પસંદગી મેળામાં હમસફર ઝંખતા ૧૮ યુવાન અને ૮ યુવતીઓએ પોતાની સાંકેતિક ભાષામાં પોતાને અનુરૂપ પાત્ર અંગે દાવેદારી કરી હતી. તેમનો ઉત્સાહ વધારવા અને પસંદગીમાં સહયોગ માટે ૧૫૦ થી વધુ પરીજન, સ્નેહીજનો હાજર રહ્યા હતા. ગાયત્રી મંદિર ટ્રસ્ટનાં પ્રમુખ કિશોર ગાંધીએ ત્રણ યુગલો કે તેનાથી વધારેનાં લગ્ન કરાવી, ભેટ આપવાની અને બંને પક્ષનાં ૨૫-૨૫ ને વિના મૂલ્યે ભોજનની ખાતરી આપી હતી. આ પ્રસંગે મુખ્ય મહેમાન ડો. સુમન પટેલ ટ્રસ્ટ પ્રમુખ રાજેશભાઇ કોન્ટ્રાક્ટર, મંત્રી રામજીભાઈ પટેલ, ટ્રસ્ટી વલ્લભભાઇ ટંડેલ, યોગેશ ગજજીર, કૌશિક રાજા સહિત આગેવાનો અને કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

### વાપીની જનસેવા હોસ્પિટલમાં પાંચ દિવસીય નિ:શુલ્ક સર્વરોગ નિદાન શિબિર યોજાશે

વાપી : વાપી જનસેવા હોસ્પિટલમાં પાંચ દિવસીય નિ:શુલ્ક સર્વરોગ નિદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિર તારીખ 12 થી તા.16 ફેબ્રુઆરી 2024 સુધી ચાલશે. જેમાં જનરલ મેડિસિન, જનરલ સર્જરી, હાડકાની તપાસ, બાળરોગ તપાસ, સ્ત્રીરોગ તપાસ, ફિઝીયોથેરાપી, ડેન્ટલ તપાસના દર્દીઓને હોસ્પિટલના નિષ્ણાંત ડોક્ટરો દ્વારા મફત તપાસ કરી યોગ્ય માર્ગદર્શન આપવામાં આવશે.

## પારડીની પારનદીમાં કંસારવાડની મહિલાએ મોતની છલાંગ લગાવી

**મહિલા** સવારે ઘરેથી કોઈને કહ્યા વગર નીકળી જઇ પારનદીમાં કુદી ગઇ



પારડી : પારડીના ચંદ્રપુર પાસે પારનદીમાં પારડી કંસારવાડની એક મહિલાએ છલાંગ લગાવી મોતને વહાલું કરતા ચકચાર મચી જવા પામી હતી. આ બનાવને પગલે પોલીસને જાણ થતાં પોલીસે ઘટના સ્થળે ધસી આવી તપાસ શરૂ કરી હતી.

ચંદ્રપુરના લાઈફ સેવા ટ્રસ્ટના તરવૈયાઓએ માહિતી આપતા જણાવ્યું કે, પાર નદીમાં આજે વહેલી સવારે માછીમારી કરવા આવેલા એક વ્યક્તિએ મહિલાનો મૃતદેહ નદીમાં જોતા તાત્કાલિક તેણે ચંદ્રપુરના લાઈફ સેવા ટ્રસ્ટના તરવૈયાઓને જાણ કરતા તેઓ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા. ત્યારબાદ આ મામલે પોલીસને જાણ કરવામાં આવી હતી. જેમાં જાણવા મળ્યું હતું કે, આ લાશ પારડીના કંસારવાડમાં રહેતી 40 વર્ષીય મીનલ મનહર કંસારાની હોવાનું જાણવા મળ્યું હતુ. જે મહિલા આજે વહેલી સવારે પોતાના ઘરેથી કોઈને પણ કહ્યા વગર નીકળી આવી હતી. જેની તેના પરિવારજનોએ ભારે શોધખોળ કરવા છતાં મળી આવી ન હતી. ત્યારબાદ તેમને જાણ થઈ કે પારનદીમાંથી આજે સવારે એક મહિલાનો મૃતદેહ મળી આવ્યો છે. જે અંગે પારડી પોલીસ મથકે એડી નોંધી પોલીસે આ બનાવ અંગે ફરિયાદ દાખલ કરી આગળની કાર્યવાહી શરૂ કરી છે.

## સાપુતારામાં શનિ રવિની રજાઓમાં પ્રવાસીઓ ઉમટી પડ્યા



■ સાપુતારા : રાજ્યનાં છેવાડે આવેલા ડાંગ જિલ્લાનાં ગિરિમથક સાપુતારા ખાતે હાલમાં ફેબ્રુઆરી મહિનાનાં પ્રારંભની સાથે હળવી ઠંડી વર્તાઈ રહી છે. હાલમાં ઠંડી અને મધ્યમ ગરમીમાં ગિરિમથક સાપુતારાનું વાતાવરણ આહ્લાદક બની જવા પામ્યુ છે. ગિરિમથક સાપુતારા ખાતે શનિ રવિની રજાઓમાં પ્રવાસીઓ ઉમટી પડ્યા હતા. સાપુતારા ખાતે ફરવા આવેલા પ્રવાસીઓએ નિસર્ગમય વાતાવરણમાં બોટીંગ, પેરાગ્લાયડિંગ સહિત વિવિધ એડવેન્ચર એક્ટિવિટીઓનો આસ્વાદ માણી ધન્યતા અનુભવી હતી. **(તસવીરઃ ગિરીશ ભોયે)**

## ગ્રાહકોના નામે વાહનો ફાઈનાન્સ કરાવી લોન લઈ રૂપિયા 18. 91 લાખની છેતરપિંડી

**પારડીના** MK મોટર્સના ડિલર અને મિત્રએ બોગસ દસ્તાવેજ ભેગા કરી લોન લઇ મોટરસાયકલ નહીં આપી છેતરપિંડી કરતા ફરિયાદ

**બજાજ** ફાઇનાન્સ કંપનીના આસિસ્ટન્ટ મેનેજરે ફરિયાદ કરતા પોલીસની તપાસ

પારડી : પારડીમાં ચિવલ રોડ પર મોટર સાયકલ વેચાણ કરતા એક વ્યક્તિએ બજાજ ફાઇનાન્સ કંપનીમાંથી પોતાના મિત્ર સાથે મળી 43 જેટલા ગ્રાહકના નામે લોન લઈ ગ્રાહકોના રૂપિયા ૧૮.૯૧ લાખની રકમ લઇ મોટરસાયકલ નહીં આપી છેતરપિંડી કરી હોવાની ફરિયાદ પારડી પોલીસમાં નોંધાઈ હતી. જેમાં પોલીસે ડીલર અને તેના મિત્ર વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ મથકેથી મળતી વિગત મુજબ ચીવલ રોડ પર એમકે શોરૂમના ડીલર મિતેશ કાંતુભાઈ રોહિત મોટરસાયકલ અને મોપેડ વેચાણનો ધંધો કરે છે. તેનો મિત્ર પ્રતિક પટેલ બજાજ કંપનીમાં કર્મચારી છે. અને એની સાથેના મેળાપીપણામાં 43 જેટલા ગ્રાહકના નામે મોટર સાઇકલ ફાઇનાન્સ કરાવી હતી. એમના ડોક્યુમેન્ટનો દૂર ઉપયોગ કર્યો હતો તથા બજાજ ફાઈનાન્સમાંથી લોન પાસ થઈ ગયા બાદ ગ્રાહકોને મોટરસાયકલ આપી ન હતી. લોનમાં પાસ થયેલા કુલ રૂપિયા 18,91,229 જમા નહીં કરાવી બજાજ ફાઈનાન્સ કંપની સાથે છેતરપંડી અને વિશ્વાસઘાત કર્યો હોવાની ફરિયાદ બજાજ ફાઇનાન્સ કંપનીના આસિસ્ટન્ટ મેનેજર દિવ્યરાજસિંહએ લખાવી હતી. પારડી પોલીસે ફરિયાદના આધારે મિતેશ કાંતુ અને પ્રતિક સામે ગુનો દાખલ કરી આ બાબતની વધુ તપાસ હાથ ધરી છે.

## વિધર્મી ભગાડી જતા દમણની યુવતીને શોધવા પરિવારજનો વલસાડ આવતા મામલો ગરમાયો

**વિધર્મી** યુવક વલસાડના બીનવાડા ગામે યુવતીને લઈ આવ્યો હોવાની શંકાએ દમણથી મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા

**કાયદો** અને વ્યવસ્થા ન ખોરવાય એ માટે વલસાડ એસપીએ બીનવાડામાં પોલીસ કાફલો ખડકી દીધો



વલસાડ : દમણની યુવતી અને વલસાડના અંજલાવ ગામના વિધર્મી યુવકના પ્રેમ પ્રકરણને લઈ વલસાડમાં મામલો થોડો ગરમાયો હતો. યુવક યુવતીને લઈ બીનવાડા વિસ્તારમાં છુપાયો હોવાની આશંકાને લઈ દમણમાં રહેતા યુવતીના પરિવારજનો મોટી સંખ્યામાં બીનવાડા આવી પહોંચ્યા હતા. જેને લઈને મામલો ગરમાયો હતો. પરિસ્થિતિ ન બગડે એ માટે વલસાડ જિલ્લા પોલીસવડાએ અહીં મોટો પોલીસ કાફલો ખડકી દીધો હતો.

સૂત્રો પાસેથી મળતી વિગત મુજબ દમણમાં રહેતી એક યુવતી 1 ફેબ્રુઆરીના રોજ ઘરેથી કમ્પ્યૂટર ક્લાસમાં જાઉં છું કહી, કશે જતી રહી હતી. તેની શોધખોળ કરવા છતાં તે મળી આવી ન હતી. જેના કારણે તેના પરિવારજનોએ દમણ પોલીસ મથકે તેની ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદ બાદ પણ તે મળી ન હતી. ત્યારબાદ આ યુવતી અંજલાવમાં રહેતા વિધર્મી યુવક સાથે જતી રહી હોવાની જાણ થઈ હતી. પરિવારજનોએ વધુ તપાસ કરતાં યુવતી અને યુવક બીનવાડા ગામે હોવાની માહિતી મળતાં આજરોજ દમણથી યુવતીના પરિવારજનો મોટી સંખ્યામાં વલસાડ નજીકના બીનવાડા ગામે પહોંચ્યા હતા. જ્યાં કાયદો અને વ્યવસ્થા ન ખોરવાય એ માટે જિલ્લા પોલીસે આ વિસ્તારમાં પોલીસ કાફલો મોકલી આપ્યો હતો. એલસીબી અને એસઓજીનો સ્ટાફ પણ ત્યાં ધસી ગયો હતો અને ત્યાં તેમણે શાંતિપૂર્વક મામલો થાળે પાડવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, મોડી સાંજ સુધી યુવતી મળી આવી ન હતી.

## ગ્રીડ ઓવરબ્રિજ નીચેથી અજાણ્યા યુવાનની લાશ મળી

નવસારી : ગ્રીડ ઓવરબ્રિજ નીચેથી અજાણ્યા યુવાનની લાશ મળી હોવાનો બનાવ નવસારી ગ્રામ્ય પોલીસ મથકે નોંધાયો છે.

મળતી માહિતી મુજબ, નવસારીના ગ્રીડ ઓવરબ્રિજ નીચે એક અજાણ્યો યુવાન (ઉ.વ.આ. 35 થી 40) રહેતો હતો અને ઘણા સમયથી ગ્રીડની આજુબાજુ દિવસ દરમિયાન ફરતો હતો. અને હોટલોમાં જમવાનું માંગીને ખાઈને ગ્રીડ ઓવરબ્રિજ નીચે સુઈ જતો હતો. ગત 9મીએ આ અજાણ્યો ઈસમ સાંજના સમયે ગ્રીડ પાસે ફરતો હતો અને રાત્રીના સમયે ગ્રીડ ઓવરબ્રિજ નીચે સુતો હતો. દરમિયાન ઠંડીના કારણે કે બીમારીના કારણે આ અજાણ્યા યુવાનનું મોત નીપજ્યું હતું.

આ બનાવ અંગે સ્થાનિકોએ નવસારી ગ્રામ્ય પોલીસ મથકે જાણ કરતા પોલીસે ઘટના સ્થળે પહોંચી લાશનો કબ્જો લઈ પી.એમ. અર્થેની તજવીજ હાથ ધરી છે. જ્યારે પોલીસે ધારાગીરીમાં રહેતા રફીક શેખની ફરિયાદને આધારે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ઈટાળવાનું દંપત્તી નોકરીએ ગયું અને તસ્કરો બંધ ઘરમાં ધાપ મારી ગયા

**તસ્કરો** બંધ ઘરનું તાળું તોડી દાગીના અને રોકડ મળી 1,69,400 રૂપિયાની મત્તા ચોરી કરી નાસી ગયા

નવસારી : ઈટાળવા ગામે દંપત્તિ ઘર બંધ કરી નોકરીએ ગયા બાદ તસ્કરો બંધ ઘરનું તાળું તોડી ઘરમાંથી 1.69 લાખના દાગીના અને રોકડા ચોરી કરી નાસી ગયાનો બનાવ નવસારી ગ્રામ્ય પોલીસ મથકે નોંધાયો છે.

મળતી માહિતી મુજબ, નવસારી તાલુકાના ઈટાળવા ગામે વિશાલનગર સોસાયટીમાં સાંઈબાબા મંદિરની સામે જ્યોત્સનાબેન અમ્રતભાઈ આહીર તેમના પતિ સાથે રહે છે. ગત 8મીએ જ્યોત્સનાબેનના પતિ નોકરીએ ગયા હતા. ત્યારબાદ જ્યોત્સનાબેન પણ તેમના ઘરે તાળું મારી નોકરીએ ગયા હતા.

દરમિયાન કોઈ અજાણ્યા ચોરે તેમના ઘરનું તાળું તોડી ઘરમાં પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ તે ચોરે ઘરમાં રાખેલા લોખંડના કબાટમાંથી 21 હજાર રૂપિયાની 7 ગ્રામની સોનાની ચેઈન, 21 હજાર રૂપિયાની 7 ગ્રામની 4 સોનાની વીંટી, 15 હજાર રૂપિયાની 5 ગ્રામની બે જોડી સોનાની બુટ્ટી, 12 હજાર રૂપિયાનું 5 ગ્રામનું સોનાનું હાથમાં પહેરવાનું બ્રેસલેટ, 200 રૂપિયાનું 5 ગ્રામનું ચાંદીનું મંગળસૂત્ર અને 200 રૂપિયાના જોડી ચાંદીના સાકળા મળી 69,400 રૂપિયાના દાગીના અને રોકડા 1 લાખ રૂપિયા મળી કુલ્લે 1,69,400 રૂપિયાની મત્તા ચોરી કરી નાસી ગયો હતો. સાંજે જ્યોત્સનાબેન ઘરે આવ્યા ત્યારે તેમના ઘરનો દરવાજો ખુલ્લો જોતા ઘરમાં તપાસ કરી હતી. જ્યાં ઘરમાં કબાટનો સામાન જમીન ઉપર તેમજ પલંગ ઉપર અસ્તવ્યસ્ત પડ્યો હતો. જેથી જ્યોત્સનાબેને તેમના પતિ અમ્રતભાઈને ફોન કરી ઘરે બોલાવ્યા હતા.

અમ્રતભાઈએ કબાટમાં જોતા દાગીના અને રોકડા રૂપિયા ચોરી થયા હોવાનું જણાયું હતું. આ બનાવ અંગે જ્યોત્સનાબેને નવસારી ગ્રામ્ય પોલીસ મથકે અજાણ્યા ચોર વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા આગળની તપાસ પી.આઈ. ડી.કે. પટેલે હાથ ધરી છે.

## નવસારીના જુનાથાણા પાસેથી વિદેશી દારૂ ભરેલી રીક્ષા સાથે સુરતના 2 ઝડપાયા

નવસારી : નવસારી ટાઉન પોલીસે જુનાથાણા પાસેથી 26 હજારના વિદેશી દારૂ ભરેલી રીક્ષા સાથે બેને ઝડપી પાડી આગળની તજવીજ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, નવસારી ટાઉન પોલીસે બાતમીના આધારે જુનાથાણા સ્વામી વિવેકાનંદ સર્કલ પાસેથી વોચ ગોઠવી હતી. દરમિયાન બાતમીવાળી રીક્ષા આવતા પોલીસે તેને રોકી તપાસ કરતા 26,700 રૂપિયાની વિદેશી દારૂની 248 નંગ બાટલીઓ મળી આવતા સુરતના અમરોલી કોસાડ વિસ્તારમાં એસ.એમ.સી. આવાસમાં રહેતા મહમદ ઉસ્માન શેખ અને મજીદખાન હબીબખાન પઠાણને ઝડપી પાડ્યા હતા. પોલીસે ઘટના સ્થળેથી વિદેશી દારૂ સહીત 75 હજાર રૂપિયા રીક્ષા મળી કુલ્લે 1,01,700 રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કરી તપાસ હાથ ધરી છે.

## કર્નલ સી.કે.નાયડુ અંડર-23 ક્રિકેટ ટુર્નામેન્ટમાં પ્રથમ દિવસે જ 21 વિકેટ પડી ગઈ

**વલસાડમાં** રમાઇ રહેલી મેચમાં ગુજરાત પ્રથમ દાવમાં 104, જમ્મુ-કાશ્મીરની ટીમ 100 રનમાં ઓલઆઉટ, બીજા દાવમાં ગુજરાતના 1 વિકેટે 114

વલસાડ : વલસાડના સરદાર પટેલ સ્ટેડિયમ ખાતે 11 ફેબ્રુઆરીથી ગુજરાત અને જમ્મુ કાશ્મીરની ટીમ વચ્ચે શરૂ થયેલી કર્નલ સી.કે.નાયડુ અંડર.23 ક્રિકેટ ટૂર્નામેન્ટમાં પ્રથમ દિવસે જ 21 વિકેટ પડી ગઈ હતી. પ્રથમ દિવસની રમત બંધ રહી ત્યારે ગુજરાતે બીજા દાવમાં 1 વિકેટ ગુમાવી 114 રન બનાવ્યા હતા. રીશી પટેલ 75 અને આર્ય દેવસિંહ વાઘેલા 25 રને રમતમાં છે. એ અગાઉ પ્રથમ દાવમાં ગુજરાતે 30 ઓવરમાં માત્ર 104 રન બનાવી ઓલઆઉટ થઈ હતી. જયમિત પટેલ 38 અને આર્ય દેસાઈ 28એ સૌથી વધુ રન બનાવ્યા હતા. જમ્મુ-કાશ્મીરના બોલર વિશાલ ભારદ્વાજ 4, જનીબ જાવેદ 3, બસિત બશીરએ 2, કન્યયા વર્ધમાનએ 1 વિકેટ ઝડપી હતી. જમ્મુ-કાશ્મીરની ટીમ 30.1 ઓવરમાં માત્ર 100 રન બનાવી ઓલઆઉટ થઇ હતી. જેમાં ગુજરાતના બોલર વાય.ઝાલાએ સૌથી વધુ 6 વિકેટ ઝડપી હતી. ગુજરાતે અત્યાર સુધી 118 રનની લીડ મેળવી લીધી છે.

હજુ સ્કીમ ચાલુ છે
ભાવ તથા મજુરીમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ
આર. એ. પરીખ જ્વેલર્સ
ચીખલી - બીલીમોરા રોડ, આંતલીયા, બીલીમોરા (પૂર્વ) (મો.98255 58181)
સોનાના(916) Hallmark દાગીનાની મજુરી માત્ર 9.90%
એન્ટિક ડિઝાઈન દાગીના મજુરી માત્ર 13.90%
*શરતો લાગુ (10 ગ્રામથી ઉપર)